


# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ અને સંવત્સરિપર્વનો ઝગડો.

આજ કાલ કેટલાક સમયથી જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને તિથિનું ભૂત વળગ્યું છે. આ ભૂતની પકડના પરિણામે આચાર્યો આચાર્યો અને પ્રત્યેકના અનુયાયી શ્રાવકો શ્રાવકો વચ્ચે ઝઘડા ચાલ્યા જ કરે છે અને તેનો હજુ કોઇ અન્ત જ આવતો નથી. જે બાબત સામાન્ય દૃષ્ટિએ બહુ જ નજીવી અને સહેલાઇથી નિરાકરણ થવા યોગ્ય લાગે તે બાબત જૈન સમાજમાં એક ચાલુ ઝગડાનું મૂળ બની રહેલ છે. આજ કાલ આવો મતભેદ અને પક્ષભેદ આગામી પર્યુષણના અન્તે આવતું સંવત્સરિપર્વ ક્યારે ઉજવવું તે પ્રશ્ન પરત્વે શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ઉભો થયેલ છે. સાધારણતઃ ભાદરવા શુદ ૪ ને સંવત્સરિના દિવસ તરીકે કંઈ કાળથી મુકરર કરવામાં આવેલ છે. આ ચોથને સપ્ટેમ્બર માસની છઠ્ઠી તારીખે ગોઠવવી કે સાતમી તારીખે ગોઠવવી એ બાબત જૈન સમાજના આગેવાન આચાર્યો વિષે મતભેદનો વિષય બની રહેલ છે. છઠ્ઠી તારીખે સોમવાર આવે છે;' સાતમી તારીખે મંગળવાર આવે છે. કેટલાક જાણીતા આચાર્યોએ સાતમી મંગળવારના પક્ષમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો છે. 'આગમોધ્ધારક' શ્રી. સાગરાનંદસૂરિએ છઠ્ઠી તારીખ અને સોમવારને સંવત્સરિના શુભ દિવસ તરીકે સ્વીકારેલ છે. સાગરાનંદસૂરિના અનુયાયીઓ તેમણે સંમત કરેલ દિવસે અને અન્ય આચાર્યોના અનુયાયીઓ તેમણે જાહેર કરેલ દિવસે સંવત્સરિ ઉજવશે અને જ્યાં એક સ્થળે અને એક જ ઉપાશ્રયે બન્ને પક્ષના અનુયાયીઓ એકઠા થવાના હશે ત્યાં જો કાંઇ સમજુતી ઉપર અવાયું નહિ હોય તો સંવત્સરિના દિવસે સંવત્સરિના જ કારણે બન્ને પક્ષો પરસ્પર ઝગડશે અને એકમેક પ્રત્યેના દોષોની ક્ષમાપના કરવાને બદલે કલેશ કંકાસ અને વેરઝેરની વૃદ્ધિ કરશે.

આમ સંવત્સરિનો દિવસ ક્યો રખવો એ બાબત વિષે મતભેદ કેમ ઉભો થયો છે તે જેમને આ બાબતની કશી માહીતી નથી તેમને સમજાવવાની જરૂર છે. હિંદુ કે જેમાં જૈનોનો સમાવેશ થતો જ આવ્યો છે તે હિંદુ પંચાંગનું વર્ષ ચંદ્રની ગતિના આધારે નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યારે અંગ્રેજી પંચાંગનું વર્ષ સૂર્યની ગતિ ઉપર નિર્માણ કરવામાં

આવ્યું છે. સુર્યને પૃથ્વી આસપાસની અથવા તો આજના ખગોળશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીને સૂર્ય આસપાસની પ્રદક્ષિણા પૂરી કરતાં ૩૬૫ દિવસ લાગે છે, અને આ ૩૬૫ ને બાર ભાગમાં વહેંચી દઇને અંગ્રેજી બાર મહીના નક્કી કરવામાં આવ્યા છે. હિંદુ મહીનો શુદ ૧ થી વદ અમાસ સુધીનો હોય છે અને આ મહીનો કદી ૨૯, કદી ૩૦ અને કદી ૩૧ દિવસનો હોય છે અને આખું વર્ષ લગભગ ૩૫૧ દિવસનું હોય છે અને સૌર્ય વર્ષ સાથે તેનો મેળ મેળવવા માટે દર ત્રણ વર્ષે હિંદુ વર્ષમાં એક અધિક માસ આવે છે. હવે ચંદ્રની અનિયમિત ગતિને લીધે શુદ એકમથી પુનમની મુદત અથવા તો વદ એકમથી અમાસની મુદત પુરા પંદર દિવસની હોતી નથી. કોઇ પખવાડીયું ૧૪ દિવસનું તો કોઇ પખવાડીયું ૧૬ દિવસનું હોય છે. આ કારણે પખવાડીઆની તિથિઓમાં કદિ વૃદ્ધિ અથવા તો કદિ ક્ષય આવે છે.

તિથિઓ આમ તો બધી જ સરખી છે. એમ છતાં પણ સામાન્ય માનવીઓથી બધા દિવસ કઠણ સંયમ પાળી ન શકાય કે વ્રત નિયમ ઉપવાસાદિ જેવી વિશિષ્ટ ધર્મકરણી થઇ ન શકે એ ધ્યાનમાં લઇને તેમ જ જે કાંઇ થાય તે સમુહમાં સમુદાયમાં અને એકસરખી રીતે થવું જોઇએ એ ધોરણ સ્વીકારીને લગભગ બબ્બે દિવસના ગાળે આવતી એક એક તિથિને જૈન સંપ્રદાય તરફથી વિશિષ્ટતા આપવામાં આવી છે અને એને પર્વતિથિ તરીકે ઓળખવામાં આવે છે. હવે શુદ્ધ પંચાંગના ધોરણે તો કોઇ પણ તિથિની વૃદ્ધિ પણ આવે અને ક્ષય પણ આવે. આમ થાય તો વ્રતનિયમોને લગતું નક્કી કરવામાં આવેલું સમુહ-ધોરણ શી રીતે જળવાય? આ સમસ્યાનો નીકાલ જૈન સંપ્રદાયે એવી રીતે કર્યો છે કે જ્યારે કોઇ પણ પર્વતિથિનો ક્ષય આવે ત્યારે પર્વતિથિની આગળની તિથિનો ક્ષય ગણવો અને જ્યારે કોઇ પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે તે પછીની તિથિની વૃદ્ધિ ગણવી અને પર્વતિથિને એમને એમ કાયમ રાખવી. દાખલા તરીકે પર્વતિથિ આઠમ હોય અને તેનો શુધ્ધ પંચાંગના ધોરણે ક્ષય આવતો હોય તો સાતમનો ક્ષય કરવો અને વૃદ્ધિ આવતી હોય તો નોમની વૃધ્ધિ કરવી અને આઠમને કાયમ રાખવી. આનો સાદો અને સીધો અર્થ એ થયો કે જૈન સંપ્રદાયે તિથિની પંચાગગત શુધ્ધિને ધર્મકરણીની સામુદાયિક નિયમિતતાની અપેક્ષાએ ગૌણ લેખી છે. અને આ પર્વતિથિઓ તો બધા એકસરખી રીતે સ્વીકારે અને ઉજવે એવું ધોરણ સ્વીકારવામાં આવ્યું છે.

હવે આગામી સંવત્સરિના અંગે પ્રસ્તુત પ્રશ્ન એ રીતે ઉપસ્થિત થાય છે કે ભાદરવા શુદ ૫ નો શુધ્ધ પંચાગની ગણતરીએ ક્ષય આવે છે. પણ પાંચમ તો જૈન સંપ્રદાયના ધોરણે એક પર્વતિથિ ગણાય છે તેથી પાંચમનો ક્ષય તો થઇ ન જ શકે. તો પછી ચાલુ પરંપરા મુજબ આગળની ચોથનો ક્ષય કરવો જોઇએ. આમ તો ચોથ પર્વતિથિ નથી ગણાતી, પણ તે જ દિવસે સંવત્સરિપર્વ આવતું હોવાથી તેને તો એક મહાન પર્વતિથિ સમાન લેખવી જોઇએ અને તો પછી તે ચોથનો પણ ક્ષય કેમ કરાય? આમ હોવાથી ચોથની આગળની ત્રીજનો ક્ષય કરવો ઘટે છે એમ છે મત શ્રી. સાગરાનંદસૂરિનો. અન્ય આચાર્યો આમ પાંચમની આગળ બે દિવસ સુધી જવાને બદલે એક અપવાદ તરીકે પાંચમ પછી આવતી છઠનો ક્ષય કરવાનું સૂચવે છે.

સંવત્સરિને લગતા મતભેદનું મૂળ સ્વરૂપ આ પ્રકારનું છે. અલબત્ત દરેક પક્ષકાર આચાર્યે પોતપોતના મતના સમર્થનમાં બીજી અનેક શાસ્ત્રીય અને પંચાગી દલીલો ઉમેરી હશે. પણ મૂળ પ્રશ્ન આખરે પાંચમના ક્ષયને કયાં ગોઠવો એટલો જ છે. અલબત્ત આવી નાની બાબતમાં પણ દરેક આચાર્યને પોતપોતાના શાસ્ત્રીય જ્ઞાન અને માહીતી અનુસાર પોતાનો સ્વતંત્ર અભિપ્રાય રજુ કરવાનો સંપૂર્ણ અધિકાર છે પણ જ્યારે સંવત્સરિ જેવા મહત્વના દિવસને ચોકકસ કરવાનો સવાલ હોય અને એ પણ આખો સમુદાય એક સાથે ઉજવે એ અનેક દ્રષ્ટિએ ઇષ્ટ અને આવશ્યક હોય ત્યારે જવાબદાર આચાર્યોએ આવા મતભેદમાંથી સમાજના ભાગલા ન પડે અને પરસ્પર કડવાશ પેદા ન થાય એ હેતુથી જેમ બને તેમ જલ્દિથી એકમત ઉપર આવવાનું જરૂરી લેખાય અને આવા સંયોગોમાં કોઇ પણ શાણો માનવી કાં તો સમાધાન કરી લે અથવા તો પોતાનો આગ્રહ છોડી દે, પણ આવી નાની બાબતમાં વીખવાદ તો કદિ પણ ઉભો થવા ન દે. પણ આ શાણપણુ, દીર્ઘદૃષ્ટિ, લોકસંગ્રહની વૃત્તિ, એકતા અને સંગઠનની બુદ્ધિ આપણા આચાર્યોએ કંઇ કાળથી ગુમાવી દીધી છે અને પરિણામે ભાગલા, કલેશ અને કંકાસ આપણા સમાજજીવનમાં અનિવાર્ય બન્યા છે. આવા તાત્વિક, વૈજ્ઞાનિક, કે ખગોળની ગણતરી સંબંધમાં જ્યારે બે મત ઉભા થાય છે ત્યારે કોણ સાચું કે કોણ ખોટું એનો એકાન્ત નિર્ણય અશકય હોય છે. પ્રત્યેકની માન્યતા સત્યાંશ ઉપર નિર્ભર હોય છે અને સાપેક્ષભાવે સત્ય હોય છે. પણ જ્ઞાન અને સંશોધનના ક્ષેત્રમાં મતભેદ અને માન્યતાભેદ એક વસ્તુ છે અને સમાજબંધારણ અને સમાજધારણના ક્ષેત્રમાં મતભેદ કે માન્યતાભેદને અમુક હદથી આગળ લંબાવવામાં આવે તો તેમાંથી અનર્થની પરંપરા નીપજે છે. અહિં જ વિવેક, સમન્વય, બાંધછોડ અપેક્ષિત રહે છે. કમનસીબે આ વિવેક, સમન્વય યા બાંધછોડ આપણા જૈન સમાજે કંઇ કાળથી ગુમાવ્યા છે અને પરિણામે ભગવાન મહાવીરના નિર્વાણ પછીનો ઇતિહાસ સંપ્રદાય અને પેટાસંપ્રદાયની ઉદ્દ્ભવપરંપરાથી ભરેલો જોવામાં આવે છે. આમ છતાં પણ સામુદાયિક ધાર્મિક જીવન બને ત્યાં સુધી સુગ્રથિત એકધારૂં રહે એ હેતુથી દીર્ઘદૃષ્ટિ ધરાવતા પૂર્વપુરૂષોએ પર્વતિથિની ક્ષયવૃદ્ધિને આમતેમ ગોઠવીને પર્વ તિથિની એકરૂપતા જાળવી રાખી છે. આજે તિથિશુદ્ધિના ચિત્રવિચિત્ર ખ્યાલો જૈનાચાર્યોની સમન્વય બુદ્ધિને ગુંચવી રહેલ છે, ગુંગળાવી રહેલ છે અને પરિણામે જૈન સમાજના સામુદાયિક જીવનની રહી સહી એકરૂપતા ઉત્તરોત્તર નષ્ટપ્રાય થઇ રહી છે. પ્રસ્તુત પ્રશ્નમાં ત્રીજનો ક્ષય થાય કે છઠનો ક્ષય થાય કે આખરે પાંચમનો ક્ષય સ્વીકારી લેવામાં આવે—આ બાબત ગૌણ છે. સંવત્સરિપર્વનું ઉદ્યાપન સૌ કોઇ એક સાથે કરે એ અતિ આવશ્યક અને મહત્વની બાબત છે. ભારત જૈન મહામંડળનું થોડા સમય પહેલાં એક અધિવેશન મળ્યું હતું. તેમાં આખા જૈન સમાજમાં શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર અને સ્થાનકવાસી કે તેરાપંથી સર્વ વિભાગમાં પર્યુષણ અને સંવત્સરિનું એકીકરણ કરવાની હીલચાલ હાથ ધરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. જ્યાં એક જ સંપ્રદાયના જૈનો જેઓ સાધારણ રીતે એક જ દિવસે સંવત્સરિપર્વની આરાધના કરતા આવ્યા છે તેઓ આજે જુદા જુદા દિવસે સંવત્સરિ કરવા ઉદ્યુકત થયા છે, ત્યાં આખા જૈન સમાજમાં પર્યુષણ અને સંવત્સરિના એકીકરણની ભાવના કેવળ દિવાસ્વપ્ન જેવી લાગે છે.

જે સમાજમાં મનભેદમાંથી મતભેદ અને તેમાંથી પંથભેદોના અને પેટાપંથભેદોની પરંપરા સહેજે ઉદ્દભવ પામ્યા જ કરતી હોય અને કોઇ પણ કાળે પરસ્પરના ભેદો લય પામવાની અને એકીકરણ ઉભું થવાની આશા અને અવકાશ જ ન દેખાતો હોય એ સમાજનું ભાવી અત્યન્ત ચિન્તાજનક અને શોચનીય છે એમ કહેવામાં લેશ માત્ર અત્યુકિત થતી નથી. એવા સમાજે ઉત્તરોત્તર ઘસાવાનું અને ક્ષીણપ્રાણ બનવાનું જ રહ્યું!

હજુ પણ આપણે ઇચ્છીએ કે આ બાબતમાં સર્વ જવાબદાર આચાર્યો એકમત થાય અને સંવત્સરી પર્વ બધા એક સાથે મળીને ઉજવવાના નિર્ણય ઉપર આવે.

**પરમાનંદ.**